"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat 395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

તા: ૨૦/૦૮/૨૦૧૭
સુરત

રેફ નં.

તંત્રી શ્રી, ____________________

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

સુરતમાંથી ૧૪માં હ્રદયનું દાન.

આદિવાસી સમાજના દહાણુના રહેવાસી ખેતીકામ કરતા બ્રેનડેડ વિલાસ જયરામ ઘાટાલના પરિવારે હ્રદય, કિડની અને લિવરનું દાન કરી ચાર વ્યક્તિઓને નવજીવન આપી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી.

સુરતથી ૨૬૯ કિ. મી નું અંતર ૮૬ મીનીટમાં કાપીને હ્રદયનું ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ મુંબઈ ની મુલુંડમાં આવેલ ફોર્ટીસ હોસ્પીટલમાં ૨૦વર્ષની યુવતીમાં કરવામાં આવ્યું.

સુરતથી સૌપ્રથમ વખત કોમર્શિયલ ફ્લાઈટમાં હ્રદયને મુબઈ મોકલવામાં આવ્યું.

બે દિવસમાં બે હ્રદય, ચાર કિડની, બે લિવર અને બે ચક્ષુઓનું દાન.

નામ: વિલાસ જયરામ ઘાટાલ ઉ. વ. ૩૦ બ્લડ ગ્રુપ: B +ve

વ્યવસાય: ખેતી કરતા હતા.

રહેવાસી : વિઠ્ઠલનગર, દેઉડપાડા, મુ-પો : કાસા, તા : દહાણું. જી: પાલઘર,

કૌટુંબિક વિગત : પિતા : જયરામ ગંગયા ઘાટાલ ઉ.વ. ૫૦
વ્યવસાય : કાસામાં PWD માં પટાવાળા તરીકે ફરજ બજાવે છે.
માતા : કમલી જયરામ ઘાટાલ ઉ.વ. ૪૫
પત્ની : સંગીતા વિલાસ ઘાટાલ ઉ.વ. ૨૭
પુત્ર : આયુષ વિલાસ ઘાટાલ ઉ.વ. ૫
પુત્રી : અદિતિ વિલાસ ઘાટાલ ઉ. વ. ૩

૨...

Nilesh Mandlewala, President, +91 98256 09922 | Sandeep Kumar, IRS, Vice President, +91 81307 81031 | Rakesh Jain, Hon. Secretary, +91 98243 10349 | Ramesh Malpani, Hon. Treasurer, +91 98253 23626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No: E-7552 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



**બનાવની વિગત:**

મંગળવાર, તા: ૧૫ ઓગસ્ટ ૨૦૧૭ ના રોજ જન્માષ્ટમીની ઉજવણીના ભાગ રૂપે વિલાસે મહોલ્લાના મિત્રો સાથે દહીં હાંડી ફોડવાના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. દહીં હાંડી ફોડ્યા પછી સાંજે આશરે ૪:૩૦ કલાકે દોરી છોડવા માટે ઝાડ ઉપર ચઢ્યા હતો, ત્યારે પગ સ્લીપ થઇ જતા ઝાડ ઉપરથી નીચે પડતા માથામાં ગંભીર ઈજાઓ થવાથી બેભાન થઇ ગયો હતો. તાત્કાલિક તેને કાસામાં આવેલ સબડીસ્ટ્રીકટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે વલસાડમાં આવેલ ગર્વમેન્ટ મેડીકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યો. નિદાન માટે CT સ્કેન કરાવતા બ્રેઈન હેમરેજ અને મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. તેથી તેને તા: ૧૬ ઓગષ્ટના રોજ મળસ્કે 3:30 કલાકે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં સર્જરી વિભાગના વડા ડૉ. નિમેશ વર્માની સારવાર હેઠળ દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી.

શનિવાર, તા: ૧૯ ઓગસ્ટના રોજ ન્યુરોસર્જન ડૉ. મેહુલ મોદી અને ન્યુરોફીજીશ્યન ડૉ. પરેશ ઝંઝમેરાએ વિલાસને બ્રેનડેડ જાહેર કર્યો.

નવી સિવિલ હોસ્પીટલના સર્જરી વિભાગના ડૉ. નિલેશ કાછડિયાએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો સંપર્ક કરી વિલાસના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી વિલાસના ભાઈ વિનોદ અને દિનેશ, મામા અમૃતભાઈ, મિત્ર રમઝાન અને પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

પરિવારના સૌ સભ્યોએ જણાવ્યું કે અમારૂ સ્વજન બ્રેનડેડ છે અને તેમનું મૃત્યુ નિશ્ચિત જ છે. શરીર બળીને રાખ થઇ જાય તેના કરતા તેના અંગોના દાન થકી કિડની, લિવર અને હૃદય નિષ્ફળતાના દર્દીઓને નવું જીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી અને કિડની તથા લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું. જ્યારે હૃદયના દાન માટે અમદાવાદની સિમ્સ અને સ્ટર્લીંગ હોસ્પીટલનો સંપર્ક કર્યો પરંતુ ત્યાં કોઈ દર્દી ન હોવાને કારણે ROTTO ( Region Organ & Tisue Transplant Organisation) ના ડૉ. સુજાતા પટવર્ધનનો સંપર્ક કરવામાં આવ્યો.

3...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E 2652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



ROTTOના વેઈટીંગ લીસ્ટમાં મુંબઈનો નંબર હોવાથી હૃદય મુંબઈ મુલુંડમાં આવેલ ફોર્ટીસ હોસ્પિટલને ઓફર કરવામાં આવ્યું. મુંબઈથી ફોર્ટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અનવય મુલે અને તેમની ટીમે સુરત આવી હૃદયનું દાન સ્વીકાર્યું.

કિડની અને લિવરનું દાન અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. બિપીન પાલ, ડૉ. રામ્યા અને તેમની ટીમે આવી સ્વીકાર્યું.

સુરત નવી સિવિલ હોસ્પીટલ થી મુંબઈની ફોર્ટીસ હોસ્પીટલ સુધીનું ૨૬૯ કિ. મી નું અંતર ૮૬ મીનીટમાં કાપીને દાનમાં મેળવવામાં આવેલા હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ માલેગાંવની રહેવાસી રવિના શરદ અંતુરેકર ઉ. વ. ૨૦માં ડૉ. અનવય મુલે અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

રવિના માલેગાંવની પુષ્પાતાઈ મહિલા કોલેજમાં એક્ષટેનલ વિદ્યાર્થીની તરીકે બેચલર ઓફ આર્ટસના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે. રવિના છેલ્લાં છ માસથી હૃદયની તકલીફથી પીડાતી હતી. તેને પ્રથમ વખત ફેબ્રુઆરી ૨૦૧૭માં ફોર્ટીસ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી હતી. તેના પિતાજી શરદ ગણપત અંતુરેકર માલેગાંવમાં આવેલ એક લોન્ડ્રીમાં કામ કરી તેમનાં પરિવારનો જીવન નિર્વાહ કરી રહયા છે.

દાનમાં મેળવવામાં આવેલી એક કિડની ગાંધીધામના રહેવાસી જીમી અશોકભાઈ દાદલાની ઉ. વ. ૪૬ અને બીજી કિડની જાલાવાર રાજસ્થાનની રહેવાસી મીતીક્ષા દુષ્યંત સોની ઉ.વ. ૨૭માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જયારે લિવર ભાવનગરના રહેવાસી ઈશ્વરભાઈ કેશવભાઈ મેન્દાપડા ઉ.વ. ૩૮માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ બન્ને કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં વિલાસના પિતા જયરામ, માતા કમલી, પત્ની સંગીતા, ભાઈ વિનોદ અને દિનેશ, મામા અમૃતભાઈ, મિત્ર રમઝાન, ન્યુરોસર્જન ડૉ. મેહુલ મોદી, ન્યુરોફીજીશિયન ડૉ. પરેશ ઝાંઝમેરા, નવી સિવિલ હોસ્પીટલના સર્જરી વિભાગના વડા ડૉ.નિમેશ વર્મા, ડૉ.નીલેશ કાછડિયા, સર્જિકલ ICU ના રેસીડેન્ટ ડૉ.કૌશિક ચૌધરી, ડૉ. મિલન, નવી સિવિલ હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ.

૪...

Nilesh Mandlewala
President
+91 98256 09932

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 03-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



CEO નીરવ માંડલેવાલા, નિમિત પટેલ, કેનીશ સતાસિયા, અસ્ફાક ઈબ્રાહીમ શેખ, મયુર પામક, સુભાષ જોધાણી, યોગેશ પ્રજાપતિ, ધવલ પ્રજાપતિ અને જીતેન્દ્ર મોરેનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૨૧૯ કિડની, ૮૭ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૪ હૃદય અને ૧૮૪ ચક્ષુઓનો દાન મેળવીને ૫૦૭ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

સુરત નવી સિવિલ હોસ્પીટલ થી સુરત એરપોર્ટ સુધીનો માર્ગ તથા મુંબઈ એરપોર્ટથી મુલુંડમાં આવેલ ફોર્ટીસ હોસ્પિટલ સુધીના માર્ગને ગ્રીન કોરીડોર કરવા માટે સુરત શહેર પોલીસ કમિશ્નરશ્રી અને મુંબઈ ટ્રાફિક પોલીસનો સહકાર સાંપડ્યો હતો.

<u>કેડેવર હૃદય ડોનેશનની પ્રક્રિયા નો ઘટના ક્રમ</u>

૧. મળસ્કે ૦૩:૧૫ કલાકે કેડેવર ઓર્ગન ડોનર વિલાસ જયરામ ધાટાલને ઓપરેશન થીયેટરમાં શિફ્ટ કર્યો.
૨. સવારે ૦૭:૦૦ કલાકે મુંબઈની મુલુંડમાં આવેલ ફોર્ટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અનવય મુલે અને તેમની ટીમ હૃદયનું દાન સ્વીકારી સુરત નવી સિવિલ હોસ્પીટલથી એરપોર્ટ જવાના રવાના થયા.
૩. સવારે ૦૭:૧૫ કલાકે ડૉ. અનવય મુલે અને તેમની ટીમ સુરત એરપોર્ટ પહોચ્યા.
૪. સવારે ૦૭:૨૫ કલાકે સુરત એરપોર્ટથી કોમર્સિયલ ફ્લાઈટમાં ડૉ. અનવય મુલે અને તેમની ટીમ હૃદય લઇ મુંબઈ જવા રવાના થયા.
૫. સવારે ૦૮:૦૫ કલાકે ડૉ. અનવય મુલે અને તેમની ટીમ મુંબઈ એરપોર્ટ પહોચ્યા.
૬. સવારે ૦૮:૧૦ કલાકે ડૉ. અનવય મુલે અને તેમની ટીમ મુંબઈ એરપોર્ટથી મુલુંડમાં આવેલ ફોર્ટીસ હોસ્પિટલ જવા રવાના થયા.
૭. સવારે ૦૮:૨૬ કલાકે ડૉ. અનવય મુલે અને તેમની ટીમ મુલુંડમાં આવેલ ફોર્ટીસ હોસ્પિટલના ઓપરેશન થીયેટર દાખલ થયા અને હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ માલેગાંવના રહેવાસી રવિના શરદ અંતુરેકર ઉ. વ. ૨૦માં ડૉ. અનવય મુલે અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

છેલ્લા ૨૧ મહિનામાં સુરતમાંથી હૃદય ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ કરવાનો આ ચૌદમો બનાવ છે, જેમાંથી દસ હૃદય મુંબઈ, એક હૃદય ચેન્નાઈ, બે હૃદય અમદાવાદ અને એક હૃદય ઇન્દોર મોકલવામાં આવ્યું છે. મુંબઈ મુલુંડમાં આવેલ ફોર્ટીસ હોસ્પિટલ ત્રેપન હૃદયના ટ્રાન્સપ્લાન્ટ થયા છે જેમાંથી દસ હૃદય સુરતમાંથી ડોનેટ કરવામાં આવ્યા છે.

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81071

Rakesh Jain
Hon. Secretary
+91 98241 13349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21526

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961